# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર**

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **13** • ગુણ : ૧૦૦

(Dharmik Shikshan Board Certificate Course **Level : 13**


**પ્રશ્ન - ૧ :સામાયિક પ્રતિક્રમણના આધારે** ૧૦

(ક) (૧) સ્વાધ્યાયના ભેદ કેટલા ? કયા કયા ? (૨)

**જ: ૧-ક(૧)** સ્વાધ્યાયના પાંચ ભેદ છે. (૧) વાચના (૨) પુચ્છણા (૩) પરિયટ્ટણા (૪) અનુપ્રેક્ષા (૫) ધર્મકથા

(૨) ૨૦ વિહરમાન તીર્થંકરને કેવળજ્ઞાન ક્યારે થયું ? ક્યારે મોક્ષે પધારશે ? (૨)

**જ : (૨)** આપણા (જંબૂદ્વીપના) ભરતક્ષેત્રના આવતી ચોવીસીના સાતમા તીર્થંકર (ઉત્સર્પિણી કાળના ૩જા આરામાં) શ્રી ઉદયનાથ સ્વામીના નિર્વાણ થયા પછી એક સાથે ૨૦ વિરહમાન તીર્થંકરો મોક્ષે પધારશે.

(ખ) અર્થ લખો : (૧) આમોસે (૨) ખળાએ (૩) સહસ્સાગારે (૪) જવણિજ્જે (૫) ઉવસંપજ્જામિ (૬) ખેલ (૩)

**જ : (ખ)** અર્થઃ ૧) વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી ૨) સ્ખલના. ભૂલ થઈ જવાથી ૩) ઉતાવળથી લેવા વડે ૪) મન તથા ઇંદ્રિયોની પીડાથી રહિત છે ? ૫) અંગીકાર કરું/સ્વીકાર કરું છું ૬) કફ.

(ગ) **નીચેના શબ્દોના મૂળ પાઠ - માગધી શબ્દ લખો :** (૩)
(૧) વિવિધ પ્રકારના (૨) રસ્તામાં આવતાં-જતાં (૩) નિદાન રહિત છું
(૪) એક દિવસ અને એક રાત (૫) કર્યા હોય (૬) ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય.

**જ : (ગ)** મૂળ પાઠ : (૧) વિવિહા (૨) ગમણાગમણે (૩) અનિયાણો (૪) અહોરત્ત (૫) કઓ (૬) કુવિય ખમાણાઇક્કમે

---

**પ્રશ્ન - ૨ :દશ વૈકાલિક સૂત્રના આધારે :** ૨૫

(ક)(૧) સ્ત્રી પરથી પોતાના રાગભાવને દૂર કરવા સાધુ શી ચિંતવણા કરે, તે દર્શાવતી માત્ર ગાથા લખો. (૨)

**જ : ૨-(ક)** દશવૈકાલિકઃ

જ. (૧) સમાઈ પેહાઈ પરિવ્વયંતો, સિયા-મણો નિસ્સરઈ બહિદ્ધા ।
ન સા મહં નો વિ અહં પિ તીએ, ઈચ્ચેવ તાઓ વિજ્જ રાગં ॥

(૨) ગંધન કુળના સર્પનું દષ્ટાંત આપતી રાજેમતીના મુખે બોલાયેલી ફક્ત ગાથા જ લખો. (૨)

જ. (૨) અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવહિણો ।
મા કુલે ગંધણા હો મો સંજમં ણિહુઓ ચર ॥

(૩) સાધુના પહેલા આઠ અનાચાર બતાવતી ફક્ત ગાથા જ લખો. (૨)

જ. (૩) ઉદ્દેસિયં કિયગડં ણિયાગમભિહડાણિય - રાઈ ભત્તે સિણાણેય ગંધમલ્લે વીયણે ॥

(ખ) ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સમજુતી લખો : (કોઈ પણ ત્રાણ) (૧૨)

(૧) મહુગાર સમા .............

જઃ ખ (૧) મહુગાર સમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિયા ।
ણા ણા પિંડરયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥ ત્તિ ણેમિ ॥

(૨) સંણિહી ગિહિમત્તે ............

જ. (૨) સંણિહી ગિહિમત્તે ય, રાયપિંડે કિમિચ્છિએ ।

સંવાહણા દંતપહોયણાય, સંપુચ્છણા દેહ પલોયણા ય ॥

**ભાવાર્થ (૨) :** ઘી ગોળ આદિનો સંગ્રહ કરવો, ગૃહસ્થના વાસણમાં ભોજન કરવું, રાજા માટે બનાવેલો આહાર લેવો, સાધુને પૂછીને બનાવેલો આહાર લેવો, તેલ વિગેરેનું માલિશ કરવું, ગૃહસ્થને ક્ષેત્રકુશળ પૂછવા, દેહનું દર્શન અરીસામાં કરવું - અનાચાર સાધુએ આચરવા યોગ્ય નથી.

(૩) દુક્કરાઈ કરિત્તાણં ............

જ. (૩) દુક્કરાઈ કરિત્તાણં, દુસ્સહાઈ સહિત્તુ ય ।
કે ઈત્થ દેવલોએસુ, કેઈ સિજ્ઝંતિ ણીરયા ॥

**ભાવાર્થ (૩) :** આમ આ દુષ્કર ક્રિયા કરીને, દુઃસહ્ય કષ્ટો સહન કરીને કેટલાક મહાત્માઓ દેવલોકમાં ઊપજે છે, તો કેટલાક સર્વકર્મ ક્ષય કરી સિદ્ધ થાય છે.

(૪) સંજમે સુટ્ઠિ ............

જ. (૪) સંજમે સુટ્ઠિ અપ્પાણં વિપ્પમુક્કાણ તાઈણં ॥
તેસિમેય મણા ઈણણં ણિગ્ગંથાણ મહેસિણં ॥

**ભાવાર્થ (૪) :** સંયમમાં સુસ્થિત, સંસારથી સર્વ આસક્તિઓથી મુક્ત, પોતાના આત્માની અને છ'કાયના જીવોની રક્ષા કરનારા તે નિર્ગ્રંથ જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે તેવા મહર્ષિઓને આ અનાચીર્ણ એટલે કે ન આચરવા યોગ્ય છે.

(ગ) (૧) અનાચાર કેટલા છે ?અનાચાર દર્શાવતું અધ્યયન કેટલામું છે? (૨)
તે અધ્યયનનું નામ અને સૂત્રનું નામ કહો.

જ. (૧) ત્રીજું અધ્યયન - નામ ક્ષુલ્લકાચાર (ખુડ્ડિદ્ધાર કહા) અનાચાર - પર છે.

(ઘ) : **અર્થ લખો :** (૧) અપ્પયં (૨) વુચ્ચઈ (૩) હોહિસી (૪) પાહણા પાએ (૫) ઉચ્છુખંડે (૬) દંતા (૭) સોગમલ્લં (૮) લહુ ભૂયં (૯) તાઈણો (૧૦) ત્તિં બેમિ

જ. (ઘ) (૧) પોતાના આત્માને (૨) કહેવાય (૩) થઈશ (૪) પગરખાં આદિ પગમાં ધારણ કરવા (૫) શેરડીની ગંડેરી (૬) ઇંદ્રિય અને મનને દમનારા (૭) સુકુમારતાને (૮) લઘુભૂત અર્થાત્ વાયુપેઠે (૯) છ'કાયના રક્ષક મુનિવર (૧૦) તે હું કહું છું.

---

**પ્રશ્ન - ૩ : નિયંઠાને આધારે :** ૨૫

**(ક) નીચેનામાંથી કોઈ પણ બે દ્વાર (નિયંઠાના) લખો :** (૪)

(૧) ૨૨મું વેદે દ્વાર (૨) ૨જું (બીજું) વેદ દ્વાર (૩) આહાર દ્વાર.

જ. (ક) નિયંઠા(૧) **વેદદ્વાર :** પ્રથમ ચાર નિયંઠા ૮ કર્મ વેદે.
નિર્ગ્રંથ મોહનીય છોડીને ૭ કર્મ વેદે. સ્નાતક - ચાર અઘાતિ કર્મ વેદે.

(૨) પુલાક પુરુષવેદી અને પુરુષ નપુંસકવેદી હોય -
બકુશ પડિસેવણા ૩ વેદી કષાયકુશીલ ત્રણ વેદી અથવા
અવેદી, નિર્ગ્રંથ અવેદી, સ્નાતક ક્ષીણ અવેદી.

(૩) **આહાર દ્વાર :** પ્રથમ પાંચ નિયંઠા આહારક
સ્નાતક આહારક - અણાહારક

(ખ) કારણ લખો : (૧) નિર્ગંથ સંયમાસંયમમાં જતાં નથી. (૬)

જ. (ખ) <u>કારણ</u> (૧) નિર્ગ્રંથ : કાળ કરે તો દેવમાં ઉત્પન્ન થતાં અસંયત બને.
ઉપશમ શ્રેણીથી પડતા પહેલા કષાયકુશીલ થાય પછી દેશવિરતિ થાય.

(૨) બકુશા - પડિસેવણામાં આહારક સમુદ્ઘાત ન લાભે.

જ.: (૨) આહારક સમુદ્ઘાત ૧૪ પૂર્વી જ કરે - બકુશ - પડિસેવણાને એટલું જ્ઞાન હોતું નથી.

(૩) નિર્ગ્રંથ અને સ્નાતકમાં સંયમ સ્થાન એક જ હોય છે. (૬)

**જ.: (૩) કષાયના સર્વ ઉપશમ કે સર્વ ક્ષયની અપેક્ષાએ તો સંયમ સ્થાન એક જ છે, તેથી નિર્ગ્રંથ અને સ્નાતકમાં સંયમ સ્થાન એક જ હોય.**

(ગ) એટલે શું ? : (૧) સ્વલિંગ - ગૃહસ્થ લિંગ (૬)

(૨) પ્રથમ સમય નિર્ગ્રંથ - ચરમ સમય નિર્ગ્રંથ

(૩) મૂળગુણ પ્રતિસેવી - ઉત્તરગુણ પ્રતિસેવી

**જવાબ-(ગ): (૧)સ્વલિંગ - મુખવસ્ત્રિણ, રજોહરણ આદિ હોય. ગૃહસ્થ લિંગ - ગૃહસ્થ વેશ.**

**(૨) પ્રથમ સમય નિર્ગ્રંથ-૧૦મે ગુણથી ૧૧/૧૨ ગુણસ્થાનકે ચડતાં પ્રથમ સમયના**

**ચરમ સમય નિર્ગ્રંથ - ૧ સમયનું નિર્ગ્રંથપણું જેને બાકી હોય.**

**(૩) મૂળ ગુણ પ્રતિસેવી - પાંચ મહાવ્રતમાં દોષ લગાડે તે**

**ઉત્તરગુણ પ્રતિસેવી - અનાગત આદિ ૧૦ પચ્ચક્ખાણમાં દોષ લગાડે તે.**

(ઘ) ખાલી જગ્યા પૂરો : (૩)

(૧) સૌથી થોડા .......... નિયંઠા હોય છે.

**જ. (ઘ)(૧) સૌથી થોડા <u>નિર્ગ્રંથ</u> નિયંઠા હોય છે.**

(૨) અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક .......... જાણવી.

**જ. (૨) અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક <u>અધિક</u> જાણવી.**

(૩) છ એ નિયંઠા .......... ક્ષેત્રમાં હોય.

**જ. (૩) છ એ નિયંઠા <u>મહાવિદેહ</u> ક્ષેત્રમાં હોય.**

(૪) પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં .......... કલ્પનું પાલન કરવાનું હોય છે.

**જ. (૪) પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં <u>૧૦</u> કલ્પનું પાલન કરવાનું હોય છે.**

(૫) સ્નાતકપણું એક ભવ આશ્રી કે ઘણા ભવ આશ્રી .......... વાર આવે.

**જ. (૫) સ્નાતકપણું એક ભવ આશ્રી કે ઘણા ભવ આશ્રી <u>એક</u> વાર આવે.**

(૬) .......... ખળામાં પડેલી શાળ જેવા હોય છે.

**જ. (૬) <u>બકુશ</u> ખળામાં પડેલી શાળ જેવા હોય છે.**

(છ) ટૂંકમાં જવાબ લખો : (૬)

(૧) કષાયકુશીલને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન કેટલું ? **જ : ૧૪ પૂર્વનું**

(૨) કષાયકુશીલને લેશ્યા કેટલી ? **જ : ૬**

(૩) કષાયકુશીલ દેવતાની કેટલી પદવી પામે ? **જ : પાંચમાંથી કોઈ પણ એક**

(૪) કષાયકુશીલ ગતિની અપેક્ષા કેટલી ઉત્કૃષ્ટસ્થિતિ પામે ? **જ : ૩૩ સાગર**

(૫) કષાયકુશીલપણું ઘણા ભવ આશ્રી ઉત્કૃષ્ટ કેટલી વાર આવે ? **જ : ૭૨૦૦ વખત**

(૬) કષાયકુશીલ કોનાથી છઠાણવડિયા હોય ? **જ : પ્રથમ ચારથી**

---

પ્રશ્ન - ૪ :સંજયાને આધારે : **જવાબ સાથે** ૨૫

(ક) યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો : (૩)

(૧) મધ્યના ૨૨ તીર્થંકરોના સમયમાં ........ સામાયિક ચારિત્ર હોય છે. (ઇત્વરિક / યાવત્કથિક **જવાબઃ યાવત્કથિક**

(૨) વૈયાવચ્ચ કરનાર પરિહાર વિશુદ્ધ ચારિત્રીને....... કહેવાય છે. (નિર્વિશ કાયિક / નિર્વિશ માનક) **જવાબઃ નિર્વિશ કાયિક**

(૩) પ્રથમ ચાર ચારિત્રી ........ હોય છે. (સકષાયી / અકષાયી) **જવાબઃ સકષાયી**

(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા ....... કર્મની ઉદીરણા કરે. (૬ કે ૫ની / ૨ કે ૫ની) **જવાબઃ ૬ કે ૫ ની**

(૫) પરિહાર વિશુદ્ધિ ....... ભવ કરે. (૧/૮ કે ૧/૩) **જવાબ : ૧/૩**

(૬) ઉપશમ શ્રેણીથી પડનાર સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળાને ...... ....... પરિણામ હોય છે. (વિશુદ્ધ/સંકલેશ) **જવાબ : સંકલેશ** (૫)

**(ખ) માત્ર આંકડામાં જવાબ લખો :** **જવાબ** (૩)

(૧) સંજયાના દ્વારા કેટલા **જવાબ : ૩૬**

(૨) સંજયા ભગવતી સૂત્રનું કેટલામું શતક છે ? **જવાબ : ૨૫મું**

(૩) સામાયિક ચારિત્રના ગુણસ્થાનક કયા ? **જવાબ : ૬ થી ૯ (૬, ૭, ૮, ૯)**

(૪) પરિહાર વિશદ્ધ ચારિત્રવાળા ગતિ અપેક્ષાએ ઉત્કૃષ્ઠ કેટલી સ્થિતિ પામે ? **જવાબ : ૧૮ સાગર**

(૫) ક્ષીણ વીતરાગીનું ગુણસ્થાનક કયું ? **જવાબ : ૧૨મું**

(૬) ઘણા જીવ અપેક્ષાએ છેદોપસ્થાપનીય ચારિત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલા વર્ષની ? **જવાબ : ઉ. ૫૦ લાખ ક્રોડ સાગર વર્ષ**

**(ગ) માગ્યા પ્રમાણે જવાબ લખો :** (૮)

(૧) યથાખ્યાત ચારિત્રવાળા સ્થાન છોડે તો ક્યાં જાય ?

**જઃ(ગ) (૧) સૂક્ષ્મ સંપરાયમાં, અસંયમ કે મોક્ષમાં જાય.**

(૨) યથાખ્યાત ચારિત્ર ઘણા ભવ અપેક્ષાએ કેટલી વાર આવે ?

**જઃ (૨) પાંચ વાર**

(૩) યથાખ્યાત ચારિત્રમાં કેટલા સમુદ્ઘાત હોય ? કયા કયા ?

**જઃ (૩) કેવળ સમુદ્ઘાત**

(૪) યથાખ્યાત ચારિત્રમાં એક જીવ અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ?

**જઃ (૪) દેશ ઊણા ક્રોડ પૂર્વ વર્ષ**

(૫) યથાખ્યાત ચારિત્રી સંહરણ અપેક્ષાએ કઈ ભૂમિમાં પણ હોઈ શકે ?

**જઃ (૫) કર્મભૂમિમાં**

(૬) યથાખ્યાત ચારિત્રમાં લેશ્યા કઈ કઈ ?

**જઃ (૬) શુકલ લેશ્યા / અલેશી**

(૭) યથાખ્યાત ચારિત્રમાં પરિણામ કયાં કયાં ?

**જઃ (૭) વર્ધમાન અને અવસ્થિત**

(૮) યથાખ્યાત ચારિત્રમાં વેદ કયા ?

**જઃ (૮) અવેદી**

(ઘ) **સમજાવો** : ઘણા જીવ અપેક્ષાએ છેદોપસ્થાપનીય ચારિત્રનું જઘન્ય ૬૩,૦૦૦ વર્ષનું અંતર પડે. (૪)

**જઃ (ઘ) અવસર્પિણીનો ૬ઠ્ઠો આરો, ઉત્સર્પિણીનો ૧, ૨જો આરો તેમ છેદોપસ્થાપનીય ચારિત્ર ન હોય - એ ત્રણે આરા ૨૧,૦૦૦ વર્ષના માટે ૨૧,૦૦૦ × ૩ = ૬૩,૦૦૦ વર્ષનું અંતર.**

**અથવા**

ઘણા જીવ અપેક્ષાએ પરિહાર વિશુદ્ધ ચારિત્રનું જઘન્ય ૮૪,૦૦૦ વર્ષ અંતર પડે

**અથવા : પરિહાર - વિશુદ્ધ ચારિત્ર અવ. ના ૫-૬ આરામાં અને ઉત્સર્પિણીના ૧ - ૨ આરામાં ન હોય, તે દરેક સારા ૨૧,૦૦૦ વર્ષના માટે ૨૧,૦૦૦ × ૪ = ૮૪,૦૦૦ વર્ષનું અંતર**

(૨) સ્થિત દ્વાર
જઃ (ચ)

| (૧) ચારિત્ર | એક જીવ અપેક્ષાએ | ઘણા જીવ અપેક્ષાએ |
|---|---|---|
| ૧ સામાયિક ,, | જઃ ૧ સમય ઉ. દેશઊણા ક્રોડ પૂર્વ વર્ષ | શાશ્વતા |
| ૨ છેદોપસ્થાનીય ,, | ,, ,, | જ. ૨૫૦ વર્ષ ઉ. ૫૦ લાખ ક્રોડ સાગર વર્ષ |
| ૩ પરિહાર વિશુદ્ધ .. | જ. ૧ સમય ઉ. દેશઊણા (૨૯ વર્ષ) ક્રોડ પર્વ વર્ષ | જ. દેશઊણા ૨૦૦ વર્ષ (૧૪૨) ઉ. ૨ ક્રોડ પૂર્વમાં ૫૮ વર્ષ ઓછાં |
| ૪ સૂક્ષ્મ સંપરાય ,,<br>૫ યથાખ્યાત ચારિત્ર | જ. ૧ સમય ઉ. અંત-મુ.<br>જ. ૧ સમય ઉ. દેશઉણા ક્રોડ પૂર્વ વર્ષ | જ. ૧ સમય ઉ. અંત. મુ.<br>શાશ્વતા |

**અથવા**

**પરિમાણ દ્વાર (કેટલી સંખ્યામાં)**

| ૨ | વર્તમાન અપેક્ષા | | | પૂર્વ પર્યાય અપેયા | | |
|---|---|---|---|---|---|---|
| | ચારિત્ર | જઘન્ય | ઉત્કૃષ્ટ | .. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | સામાયિક ,, | ૧ - ૨ - ૩ | પ્રત્યેક હજાર | | ૧) નિયમા | પ્રત્યેક હજાર ક્રોડ |
| ૨ | છેદોપસ્થાપનીય | ૧ - ૨ - ૩ | પ્રત્યેક સો | | ૨) જો હોય તો | નિયમા પ્રત્યેક સો ક્રોડ |
| ૩ | પરિહાર ચા. (જો હોય તો) | ૧ - ૨ - ૩ | પ્રત્યેક સો | | ૩) જ. ૧-૨-૩ | પ્રત્યેક હજાર |
| ૪ | સૂક્ષ્મ સં. આ (જો હોય તો) | ૧ - ૨ - ૩ | ૧૬૨ (૧૦૮ ક્ષપક ૫૪ ઉપશમ) | | ૪) ૧-૨-૩ | પ્રત્યેક સો. |
| ૫ | યથાખ્યાત | ૧ - ૨ -૩ | ૧૬૨ (૧૦૮ ક્ષયક ૫૪ ઉપશમ) | | ૫) નિયમા પ્રત્યેક ક્રોડ કેવળી | |

(છ) સંજયાના ઉપયોગ અને યોગ દ્વાર લખો. (૩)

જઃ (છ) (૧) ઉપયોગ દ્વાર : સૂક્ષ્મ ચારિત્રમાં ૧ સાકાર ઉપયોગ બાકીના ચાર ચારિત્રમાં સાકાર -અનાકાર બન્ને ઉપયોગ

(૨) યોગ દ્વાર : પ્રથમ ચાર સંયતિ સયોગી યથાખ્યાત ચારિત્રી સયોગી - અયોગી બન્ને

---

પ્રશ્ન – ૫ :ભક્તામરને આધારે લખો : ૧૫

(ક) નીચેનામાંથી કોઈ પણ બે ગાથા લખી તેનો ભાવાર્થ લખો. (૮)

(૧) આપના સમાન રૂપવંત બીજું કોઈ નથી ........ એનું કારણ દર્શાવતી ગાથા લખી તેનો ભાવાર્થ લખો.

જ. (ક) (૧) યૈ શાન્તરાગ રુચિભિઃ પરમાણુભિસ્તવં, નિર્માપિતસ્ત્રિભુવનૈક લલામ ભૂત ।
તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાન મપરં નહિ રૂપમસ્તિ ॥

(૨) પહેલા તીર્થંકરની હું સ્તુતિ કરીશ ........ એવો જેમાં ઉલ્લેખ થયો છે, તે ગાથા લખી ભાવાર્થ લખો.

જઃ (૨) યઃ સંસ્તુતઃ સકલ વાઙમય તત્ત્વ બોધા દુદ્ભૂત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈ ।
સ્તોત્રે જગત્રિય ચિત્ત હરૈઃ રૂદારૈઃ, સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥

(૩) કોયલ પક્ષીના ઉલ્લેખવાળી ગાથા લખી ભાવાર્થ લખો.

જઃ (૩) અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ, ત્વદ્ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।
યત્ કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુ ચામ્ર કલિકા નિકરૈક હેતુઃ ॥

**(ખ) ફક્ત ગાથા પૂરી કરો :** (૪)

(૧) મત્વેત્તિ નાથ .......... (૨) ભક્તમર પ્રણત ..........

**જઃ ખ -(૧) મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ, મારભ્યતે તનુધિયાડપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષાયતિ સતાં નલિની દલેષુ, મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદ બિન્દુઃ ॥**

(ગ) **અર્થ લખો** : (૧) પાદપીઠ (૨) અમ્બુનિધિં (૩) ભુવિ (૪) પયઃ (૫) દુરિતાનિ (૬) વિલોકનીયં (૩)

**જઃ (ગ) અર્થ : (૧) બાજોઠ (૨) સાગરને (૩) જગતમાં (૪) દૂધ
(૫) પાપોને (૬) દર્શન કરવા યોગ્ય**

## અથવા

**પ્રશ્ન – ૫ :વાર્તાને આધારે લખો :** ૧૫

**(ક) ખાલી જગ્યા પૂરો :** (૩)

(૧) યજ્ઞો ........ પ્રવૃત્તિવાળા હોય છે.

**જઃ ક -(૧) યજ્ઞો <u>પાપકારી</u> પ્રવૃતિવાળા હોય છે.**

(૨) વિજયઘોષે ના પાડવા છતાં પણ ........ જયઘોષ મુનિ જરા પણ ....... ન થયા પરંતુ ........માં રહ્યા.

**જ. (૨) વિજયઘોષે ના પાડવા છતાં પણ <u>આત્માર્થી</u> જયઘોષા મુનિ જરા પણ <u>ચલિત</u> ન થયા પરંતુ <u>સમભાવ</u> માં રહ્યા.**

(૩) સાધુ સંસારની અસારતા સમજી ........ માર્ગે પુરુષાર્થ કરે છે.

**જ. (૩) સાધુ સંસારની અસારતા સમજી <u>સાધના</u> માર્ગે પરુષાર્થ કરે છે.**

(૪) ભોગોનું સેવન ન કરનાર ......... થી નિર્લેપ રહે છે.

**જ. (૪) ભોગોનું સેવન ન કરનાર <u>કર્મ</u> થી નિર્લેપ રહે છે.**

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) માટીના ભીના અને સૂકા ગોળાનું દૃષ્ટાંત સમજાવો. (૪)

**જઃ (ખ)(૧) માટીનો ભીનો ગોળો ભીંત પર ફેંકવામાં આવે તો ચોંટી જાય છે, જ્યારે સૂકો ગોળ ચોટતો નથી, એ જ રીતે દુર્બુદ્ધિવાળો, કામભોગમાં આસક્ત મનુષ્ય વિષયોમાં ચોંટી જાય છે, કર્મોથી લેપાય છે, વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ કર્મોથી લેપાતા નથી.**

(૨) વિજયઘોષે જયઘોષને ૧) શાના કર્તા ૨) શાના જ્ઞાતા ૩) શાના જાણકાર અને (૪) શાના પારગામી કહ્યા ? (૪)

**જઃ (૨) ૧) જે યજ્ઞમાં કર્મની આહુતિ દેવાય છે તેવા યથાર્થ ભાવયજ્ઞના <u>કર્તા</u> આપ છો.
૨) જેના દ્વારા આત્મશુદ્ધિનું જ્ઞાન થાય એવી સાચી વેદવિદ્યાના જ્ઞાતા આપ છો.
૩) સ્વાધ્યાયના કાળ-અકાળનો નિર્ણય થાય તેવા જ્યોતિષ અંગેના <u>જાણકાર</u> આપ છો.**

(૩) શ્રમણ, મુનિ, તાપસ અને ક્ષત્રિય શાનાથી બનાય ? (૪)

**જ. (૩) સમભાવ ધારણ કરવાથી શ્રમણ બનાય, તપ કરવાથી <u>તાપસ</u> બનાય. (કોઈ પણ વ્યક્તિ કર્મથી એટલે કે પોતાના કાર્યથી જ બ્રાહ્મણ બને છે. જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ બનાય, પ્રાણીઓની રક્ષા કરવાથી અને તેના દુઃખ દૂર કરવાથી ક્ષત્રિય બનાય છે.**

॥ જય જિનેન્દ્ર ॥